બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઈબ્રાહીમને દેવનું વચન



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

અનુકૂલન : M. Maillot; Tammy S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

જળપ્રલયના ઘણા દિવસો પછી લોકોએ એક યોજના બનાવી.




“અમે એક મહાન શહેર બનાવીશં,
જેનો બુરજ આકશો સુધી પહોંચે.”
તેઓએ એક બીજાને કહ્યું, “આવો
આપણે સાથે રહીએ.” દરેક વ્યક્તિ
એક ભાષા બોલનાર હતો.

ઈશ્વરની ઈચ્છા હતી કે તેણે બનાવેલી આખી
પૃથ્વી લોકોનો વસવાટ થાય તેથી તેમણે એવું કોઈ
ખાસ કર્યું. એકાએક અલગ અલગ જૂથ અલગ
ભાષાઓ બોલવા લાગ્યા. ઈશ્વરે તેમને
નવી ભાષા આપી.



જેઓ એક જ ભાષા બોલતા હતા તેઓ દૂર જઈને એક સાથે રહેવા લાગ્યા. કદાચ લોકો જેમની ભાષા સમજમાં આવતી ન હતી તેઓથી ડરતા હશે. આ રીતે ઈશ્વરે બીજા દેશોને લોકોથી ભરી દીધા. આ શહેર જે તેમણે છોડીને ચાલ્યા ગયા



તે હતું બાબેલ કે જનો અર્થ ગૂંચવણ થાય છે.

ઘણા વર્ષો પછી કાલ્દીઓના
ઉર દેશમાંથી એક વ્યક્તિનું
કે જેનું નામ અબ્રામ હતું
તેની સાથે વાત કરી. “આ
દેશ મૂકીને દૂર ચાલ્યો જા.”
ઈશ્વરે આજ્ઞા આપી, “હું
તને જે દેશ દેખાડુ તેમાં
ચાલ્યો જા.”



અબ્રામ આજ્ઞાધિન થયો. ઈશ્વરે તેને કનાન દેશ તરફ દોર્યો. તેની પત્ની સારાહ અને તેનાં ભત્રીજો લોત તેની સાથે ગયો.



કનાન દેશમાં અબ્રામ અને લોત શ્રીમંત બન્યા. તેઓની પાસે જાનવરોના ટોળા પુષ્કળ થઈ ગયા. પણ તેઓની પાસે ચારો ચરાવવા માટે જગ્યા રહી ન હતી.



લોતના ગોવાળીયાઓને અબ્રામના ગોવાળીયાઓ સાથે બોલાચાલી થઈ. “આપણી વચ્ચે તકરાર હોવી જોઈએ નહીં,” અબ્રામે કહ્યું, “આપણે અલગ અલગ જગ્યાએ જઈએ. લોત હું તને પ્રથમ પસંદગી આપું છું. તને ગમે તે પ્રકારની જમીન તું લઈ શકે છે.”



લોતે લીલા ચારાવાળી જગ્યા જેની આસપાસ શહેરો
તથા ગામડાં આવેલા હતાં. તેવી જમીન પસંદ કરી.
તે ખૂબ જ સરસ દેખાતી હતી. પણ તે શહેરો ભૂંડા
કામ કરનારા હતાં.





અબ્રામને મૂકીને ગયા પછી, ઈશ્વરે અબ્રામ સાથે વાત કરી, “હું તને તથા તારા વંશજને કનાનની જમીન સદાકાળ માટે આપીશ.” પણ અબ્રામ અને સારાઈને બાળકો ન હતાં. હવે ઈશ્વર તેનું વચન કેવી રીતે પાળી શકે?



ઈશ્વર તરફથી ત્રણ વ્યક્તિઓ અબ્રામ
અને સારાઈ પાસે આવ્યાં.



"તને જલ્દીથઈ બાળક થશે" તેઓએ કહ્યું, સારાઈ હસી. તેણે ઈશ્વરના સંદેશાને માન્યો નહીં. તે નેવું વરસની થઈ ચૂકી હતી. ઈશ્વરે અબ્રામને કહ્યું કે હવેથી ઈબ્રાહિમ કહેવાશે (માનવંત પિતા) અને સારાઈ સારાહ કહેવાશે જેનો અર્થ (રાજકુમારી).



પછી ઈશ્વરે ઈબ્રાહીમને કહ્યું કે તે બે નગરો જેનું નામ સદોમ અને ગમોરાહ હતું. તેનો નાશ કરશે. ઈબ્રાહીમનો ભત્રીજો સદોમમાં પોતાના કુટુંબ સાથે રહેતો હતો.

જ્યારે ઈબ્રાહિમને ચેતવણી મળી ત્યારે લોતે તે વાત પર વિશ્વાસ કર્યો, પણ તેની દિકરીઓના પતિઓએ સદોમ છોડવાની ના પાડી. કેટલું દુ:ખદ કહેવાય! તેઓએ ઈશ્વરના વચનને માન્યું નહિં.



ફક્ત લોત અને તેની બંને
દિકરીઓ સલામતીની જગ્યાએ
પહોંચી ગયા. આગ અને ગંધક
આ ભૂંડા શહેર પર વરસ્યા.



દુ:ખની બાબત એ બની કે જ્યારે
લોતની પત્ની જઈ રહી હતી ત્યારે તેણે
ઈશ્વરની આજ્ઞાને અવગણીને પાછુ વળીને
જોયું ત્યારે તે ત્યાંની ત્યાં જ
મીઠાનો થાંભલો બની ગઈ.



ઈશ્વરે ઈબ્રાહિમ અને
સારાહને આપેલું વચન
પુરું કર્યું. જેમ ઈશ્વરે
કહ્યું હતું તેમ તેમની
વૃદ્ધાવસ્થામાં તેમને
દીકરો જન્મ્યો.
જ્યારે ઈસ્હાકનો
જન્મ થયો ત્યારે તેઓ
કેટલા ખુશ થયા હશે.




કદાચ ઈબ્રાહીમે ઈશ્વરે
તેને આપેલું વચન જેમાં કે
તેના બાળકો સદાકાળ માટે
કનાન દેશ આપ્યો છે, તે
વિશે વિચાર્યું હશે.


ઈશ્વર પણ સદા તેના
વચનો પાળનાર હતો.
ઈશ્વર હંમેશા તેના
વચનો પુરા કરે છે.

ઈબ્રાહીમને દેવનું વચન

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ઉત્પત્તિ ૧૧-૨૧

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે.  તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬